# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 23-03-2025** **EVENING : 7.50 to 8.00**
**Day : SUNDAY** **National News**

આકાશવાણી સમાચાર **રિદ્ધિ ઉંધાડ** વાંચે છે.

*****************************************************

1) રાષ્ટ્રીય તપાસ એજન્સીએ ચંદીગઢ બોમ્બ હુમલા કેસમાં બબ્બર ખાલસા ઇન્ટરનેશનલના ચાર આતંકવાદીઓ સામે આરોપનામું દાખલ કર્યું
2) વિદેશમંત્રી ડો. એસ.જયશંકરે કહ્યું-આગામી દાયકાઓ માટે ઊર્જા સુરક્ષા સુનિશ્ચિત કરવી એ ભારતીય રાજદ્વારીનો મુખ્ય ઉદ્દેશ્ય
3) રાષ્ટ્ર આજે ભારતીય સ્વતંત્રતા સંગ્રામના ત્રણ વીર ક્રાંતિકારીઓ ભગતસિંહ, રાજગુરુ અને સુખદેવને શ્રદ્ધાંજલિ અર્પી રહ્યું છે.
4) રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘે આ વર્ષે તેના સ્થાપનાના 100 વર્ષ પૂર્ણ થવાના પ્રસંગે અનેક આઉટરીચ કાર્યક્રમોનું આયોજન કર્યું
5) ઇઝરાયલ-હમાસ યુદ્ધમાં 50 હજારથી વધુ પેલેસ્ટિનિયનો માર્યા ગયા - અને 1 લાખ 13 હજારથી વધુ લોકો ઘાયલ થયા
6) IPL ક્રિકેટમાં આજે સનરાઇઝર્સ હૈદરાબાદે રાજસ્થાન રોયલ્સને 44 રને હરાવ્યું

*****************************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# NIA-KHALISTANI-TERRORISTS

રાષ્ટ્રીય તપાસ એજન્સી- NIA એ સપ્ટેમ્બર 2024 માં ચંદીગઢ બોમ્બ હુમલા કેસમાં આતંકવાદી સંગઠન બબ્બર ખાલસા ઇન્ટરનેશનલના ચાર આતંકવાદીઓ પર આરોપનામું દાખલ કર્યું છે. એજન્સીએ આજે એક સત્તાવાર નિવેદનમાં જણાવ્યું હતું કે આરોપીઓમાં પાકિસ્તાન સ્થિત આતંકવાદી હરવિંદર સિંહ સંધુ અને અમેરિકા સ્થિત આતંકવાદી હરપ્રીત સિંહનો પણ સમાવેશ થાય છે. આ ચાર્જશીટ ચંદીગઢની ખાસ NIA કોર્ટમાં રજૂ કરવામાં આવી છે. ચારેય આરોપીઓ પર ગેરકાયદેસર પ્રવૃત્તિઓ (નિવારણ) અધિનિયમ (UAPA), વિસ્ફોટક પદાર્થો અધિનિયમની વિવિધ કલમો અને હુમલામાં ઉશ્કેરણી અને કાવતરું ઘડવામાં તેમની ભૂમિકા હેઠળ આરોપ મૂકવામાં આવ્યા છે.

. . . . . . . . . . . . . . . .

# AMENDMENT. EXTERNAL AFFAIRS MINISTER - ENERGY

વિદેશ મંત્રી ડો. એસ. જયશંકરે કહ્યું છે કે ભારત વિશ્વની પાંચમી સૌથી મોટી અર્થવ્યવસ્થા છે અને તેને ઊર્જા ક્ષેત્રે વ્યાપક સંબંધો વિકસાવવાની જરૂર છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, આગામી દાયકાઓ માટે ઊર્જા સુરક્ષા સુનિશ્ચિત કરવી એ ભારતની રાજદ્વારીનો મુખ્ય ઉદ્દેશ્ય છે

ગઈકાલે મુંબઈમાં એક પત્રકાર પરિષદમાં તેમણે કહ્યું કે વૈશ્વિકરણના અનેક ફાયદાઓ વિશે સાંભળ્યા પછી, આજે વિશ્વભરમાં ઔદ્યોગિક નીતિઓ, નિકાસ નિયંત્રણો અને ટેરિફ પર સ્પર્ધાની વાસ્તવિકતા દરેકની સામે આવી છે.

શ્રી જયશંકરે જણાવ્યું હતું કે આગામી દાયકાઓ માટે ઊર્જા સુરક્ષા સુનિશ્ચિત કરવી એ ભારતની રાજદ્વારીનો મુખ્ય ઉદ્દેશ્ય છે. તેમણે એમ પણ કહ્યું કે સબકા સાથ સબકા વિકાસનો વિચાર આપણી વિદેશ નીતિ સાથે પણ જોડાયેલો છે.

. . . . . . . . . . . . . . . .

## MANIPUR- MEGHWAL, JUDGES VISIT

સર્વોચ્ચ અદાલતના ન્યાયમૂર્તિ બી આર ગવઈએ કહ્યું છે કે બધી સમસ્યાઓનો ઉકેલ બંધારણીય પદ્ધતિઓ દ્વારા લાવી શકાય છે. આજે ઇમ્ફાલમાં મણિપુર વડીઅદાલતના 12મા સ્થાપના દિવસ નિમિત્તે આયોજિત કાર્યક્રમમાં આ મુજબ જણાવ્યું હતું. તેમણે વધુમાં કહ્યું કે જ્યારે લોકો સાથે હોય ત્યારે ઉકેલો સરળતાથી મળી જાય છે.

કેન્દ્રીય કાયદા મંત્રી અર્જુન રામ મેઘવાલે ખાતરી આપી કે કેન્દ્ર સરકાર મણિપુરમાં રાષ્ટ્રપતિ શાસન લાગુ થયા પછી રાજ્યમાં શાંતિ પુનઃસ્થાપિત કરવા માટે સંપૂર્ણપણે પ્રતિબદ્ધ છે.

(BYTE – ARJUNRAM MEGHVAL)

. . . . . . . . . . . . . . . .

## PM - MARTYRS DAY

રાષ્ટ્ર આજે ભારતીય સ્વતંત્રતા સંગ્રામના ત્રણ વીર ક્રાંતિકારીઓ - શહીદ-એ-આઝમ ભગતસિંહ, શિવરામ રાજગુરુ અને સુખદેવ થાપર - ને શ્રદ્ધાંજલિ અર્પે

છે. જેમને 1931માં આજના દિવસે લાહોરની સેન્ટ્રલ જેલમાં ફાંસી આપવામાં આવી હતી.

આ બહાદુર સ્વતંત્રતા સેનાનીઓ પર 17 ડિસેમ્બર, 1928ના રોજ લાહોરમાં બ્રિટિશ પોલીસ અધિકારી જે.પી. સોન્ડર્સની હત્યા કરવા બદલ કેસ ચલાવવામાં આવ્યો હતો અને તેમને મૃત્યુદંડની સજા ફટકારવામાં આવી હતી.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ સોશિયલ મીડિયા સંદેશમાં એક વિડિઓ શેર કરીને, આ ક્રાંતિકારી નેતાઓ દ્વારા આપવામાં આવેલા સર્વોચ્ચ બલિદાનને યાદ કર્યા. સ્વતંત્રતા અને ન્યાય માટેના તેમના નિર્ભય પ્રયાસને યાદ કરતા, તેમણે કહ્યું કે, તેમના બલિદાન આપણને બધાને પ્રેરણા આપતા રહેશે.

. . . . . . . . . . . . . . .

## PM PODCAST

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની કૃત્રિમ બુદ્ધિમત્તા - AI સંશોધક લેક્સ ફ્રિડમેન સાથેની તાજેતરની વાતચીત હવે અનેક ભાષાઓમાં પોડકાસ્ટ તરીકે ઉપલબ્ધ છે. શ્રી મોદીએ સોશિયલ મીડિયા પોસ્ટમાં કહ્યું કે તેમનો ઉદ્દેશ્ય આ વાતચીતને શક્ય તેટલા વ્યાપક શ્રોતાઓ સુધી પહોંચાડવાનો છે.

. . . . . . . . . . . . . . .

## DELHI ASSEMBLY

દિલ્હી વિધાનસભાનું અંદાજપત્ર સત્ર આવતીકાલથી શરૂ થશે. આ સત્ર 28 માર્ચ સુધી ચાલશે.

દિલ્હી ટ્રાન્સપોર્ટ કોર્પોરેશનના કામકાજ અંગેનો CAG અહેવાલ આવતીકાલે ગૃહમાં રજૂ કરાશે. અંદાજપત્ર મંગળવારે રજૂ કરવામાં આવશે અને 26 માર્ચે તેના પર ચર્ચા થશે.

. . . . . . . . . . . . . . . .

## MAHATMA GANDHI- MUSEUM

દક્ષિણ આફ્રિકાના ફિનિક્સ સેટલમેન્ટ ટ્રસ્ટ- ગાંધી વિકાસ ટ્રસ્ટે આજે નવી દિલ્હીમાં રાષ્ટ્રીય ગાંધી સંગ્રહાલયને મહાત્મા ગાંધી સંબંધિત વસ્તુઓ અને દસ્તાવેજો સોંપ્યા.

આ પ્રસંગે વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકર ઉપસ્થિત રહ્યા હતા. તેમણે એક સંદેશમાં કહ્યું કે બાપુનું જીવન અને સંદેશ આવનારી પેઢીઓને પ્રેરણા આપતા રહેશે.

અમારા સંવાદદાતાના અહેવાલ મુજબ, સોંપવામાં આવેલી વસ્તુઓમાં મહાત્મા ગાંધી દ્વારા વણાયેલા કપડાંનો સમાવેશ થાય છે. મહાત્મા ગાંધી ૧૮૯૩માં દક્ષિણ આફ્રિકા આવ્યા અને લાંબા સમય સુધી ડરબનમાં રહ્યા. તેમણે ૧૯૦૪માં ફિનિક્સ આશ્રમની સ્થાપના કરી.

. . . . . . . . . . . . . . . .

## MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી

શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . . .

## CHHATTISGARH MAOISTS

છત્તીસગઢના બીજાપુર જિલ્લામાં આજે 22 નક્સલીઓએ પોલીસ સમક્ષ આત્મસમર્પણ કર્યું. તેમાં બે મહિલાઓનો સમાવેશ થાય છે. આ નક્સલીઓ પર ૧૧ લાખ રૂપિયાનું ઇનામ જાહેર કરવામાં આવ્યું હતું. રાજ્ય સરકારની નીતિ મુજબ આત્મસમર્પણ કરનારા નક્સલીઓને 25,000 રૂપિયા પ્રોત્સાહનરૂપે આપવામાં આવ્યા છે.

. . . . . . . . . . . . . . . .

## RSS-SATABDI VARSH

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘે આ વર્ષે તેના સ્થાપનાના 100 વર્ષ પૂર્ણ થવાના પ્રસંગે અનેક આઉટરીચ કાર્યક્રમોનું આયોજન કર્યું છે. સંઘના મહાસચિવ દત્તાત્રેય હોસબોલેએ બેંગલુરુમાં સંઘની અખિલ ભારતીય પ્રતિનિધિ સભાની ત્રણ દિવસીય બેઠક બાદ જણાવ્યું હતું કે આ પ્રસંગે કોઈ ઔપચારિક ઉજવણી થશે નહીં પરંતુ વિજયાદશમી પર અનેક આઉટરીચ કાર્યક્રમો કરવામાં આવશે.

(બાઇટ- દત્તાત્રેય હોસબોલે, RSS)

ઔરંગઝેબ વિવાદ અંગે શ્રી હોસબોલેએ કહ્યું કે ઔરંગઝેબ ભારતીય નૈતિકતા અને સાંસ્કૃતિક મૂલ્યોનું પ્રતિનિધિત્વ કરતા નથી. બીજા પ્રશ્નના જવાબમાં તેમણે કહ્યું કે ધર્મ આધારિત અનામત ગેરબંધારણીય છે અને તેને અનેક અદાલતોમાં રદ કરવામાં આવી છે. શ્રી હોસબોલેએ જણાવ્યું હતું કે આજે સભામાં સ્વાતંત્ર્ય સેનાની ભગતસિંહ, સુખદેવ અને રાજગુરુને તેમના શહીદ દિવસ પર તેમજ પોર્ટુગીઝ સામે લડનાર ઉલ્લાલની રાણી અબ્બક્કાને શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી. આજે કર્ણાટકમાં તેમની 500મી જન્મજયંતિ ઉજવવામાં આવી રહી છે.

. . . . . . . . . . . . . . .

## ISRAEL-GAZA

ગાઝાના આરોગ્ય મંત્રાલયે કહ્યું છે કે ઇઝરાયલ-હમાસ યુદ્ધમાં 50 હજારથી વધુ પેલેસ્ટિનિયનો માર્યા ગયા છે અને 1 લાખ 13 હજારથી વધુ લોકો ઘાયલ થયા છે.

આજે જાહેર કરાયેલા આ અહેવાલમાં ગયા અઠવાડિયે પૂર્ણ થયેલા યુદ્ધવિરામ પછી ઇઝરાયલી હુમલામાં માર્યા ગયેલા 673 મૃતકોનો પણ સમાવેશ થાય છે.

. . . . . . . . . . . . . . .

## JAMMU-KASHMIR-UDAN SEVA

ગાઝિયાબાદના હિંડન વિમાનીમથકેથી જમ્મુ માટે હવાઈ સેવા આજથી શરૂ થઈ છે. પ્રથમ ઉડાન આજે સવારે સાડા નવ વાગ્યે હિંડનથી જમ્મુ માટે રવાના થઈ. અમારા જમ્મુના સંવાદદાતા જણાવે છે કે રાષ્ટ્રીય રાજધાની દિલ્હીથી માતા વૈષ્ણો દેવી મંદિરની યાત્રા મુસાફરો માટે સરળ બનશે.

આ ફ્લાઇટ જમ્મુથી બપોરે 1 વાગ્યે ઉપડી અને બપોરે અઢી વાગ્યે હિંડન પહોંચી. એર ઇન્ડિયા એક્સપ્રેસ ગાઝિયાબાદના હિંડન અને જમ્મુ વચ્ચે અઠવાડિયામાં છ દિવસ ફ્લાઇટ્સ ચલાવશે.

. . . . . . . . . . . . . . . .

# IPL CRICKET

IPL-T20 ક્રિકેટમાં, હૈદરાબાદના રાજીવ ગાંધી ઇન્ટરનેશનલ સ્ટેડિયમ ખાતે, આજે સનરાઇઝર્સ હૈદરાબાદે રાજસ્થાન રોયલ્સને 44 રને હરાવ્યું છે. સનરાઇઝર્સ હૈદરાબાદના ઇશાન કિશને 47 બોલમાં 106 રન અને ટ્રાવીસ હેડે 31 બોલમાં 67 રન બનાવ્યા હતા. જ્યારે રાજસ્થાન રોયલના સંજુ સેમસને 37 બોલમાં 66 અને ધ્રુવ જુરેલે 35 બોલમાં 70 રન કર્યા હતા.

ચેન્નાઈના MA ચિદમ્બરમ સ્ટેડિયમ ખાતે રમાઇ રહેલી બીજી મેચમાં ચેન્નાઈ સુપર કિંગ્સ અને મુંબઈ ઇન્ડિયન્સ વચ્ચે મેચ રમાઇ રહી છે. ચેન્નાઈ સુપર કિંગ્સે ટોસ જીતી ફિલ્ડીંગ પસંદ કરી છે.

છેલ્લા મળતાં અહેવાલો પ્રમાણે મુંબઇ ઇન્ડિયન્સે 4.2 ઓવરમાં 2 વિકેટે 36 રન કર્યા છે.

. . . . . . . . . . . . . . . .

## SOUTH KOREA FOREST FIRE

દક્ષિણ કોરિયામાં જંગલોમાં લાગેલી ભીષણ આગને કારણે કટોકટીની સ્થિતિ જાહેર કરવામાં આવી છે. આ આગ દક્ષિણ-પૂર્વીય પ્રદેશોના જંગલોમાં ફાટી નીકળી છે, જેમાં ચાર લોકોના મોત થયા છે અને ભારે નુકસાન થયું છે. ઉત્તર અને દક્ષિણ ગ્યોંગસાંગ પ્રાંતો અને દક્ષિણ-પૂર્વીય શહેર ઉલ્સાનમાં આગ લાગી છે. આગને કારણે દેશના દક્ષિણ-પૂર્વમાં અનેક ધોરીમાર્ગો બંધ કરવામાં આવ્યા છે, જેમાં ઉલ્સાન અને બુસાન વચ્ચેનો મુખ્ય માર્ગ પણ સામેલ છે. અનેક ફાયર વાહનો અને સેંકડો અધિકારીઓ આગ પર કાબુ મેળવવા માટે કાર્યરત છે.

. . . . . . . . . . . . . . . .

## AMERICA-TALIBAN

અમેરિકાએ અફઘાનિસ્તાનમાં ત્રણ તાલિબાનો પર જાહેર કરેલું 10 મિલિયન ડોલરનું ઇનામ પાછું ખેંચી લીધું છે. જેમાં ગૃહમંત્રીના નામનો પણ સમાવેશ થાય છે, જે હક્કાની નેટવર્કના વડા છે. એવું માનવામાં આવે છે કે આ જૂથે અફઘાનિસ્તાનની પાછલી સરકાર પર લોહિયાળ હુમલાઓ કર્યા હતા.

અફઘાનિસ્તાનના ગૃહ મંત્રાલયના પ્રવક્તા અબ્દુલ મતીન કાનીએ કાબુલમાં મીડિયાને જણાવ્યું હતું કે અમેરિકા સરકારે હક્કાની, અબ્દુલ અઝીઝ હક્કાની અને યાહ્યા હક્કાની પર જાહેર કરાયેલા ઇનામ પાછા ખેંચી લીધા છે.

. . . . . . . . . . . . . . . .